# 22

## સુરત જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

***15/4/885 શ્રીમતી સંગીતાબેન પાટીલ**(લીંબાયત): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે.–

| | પ્રશ્ન | | જવાબ |
| --- | --- | --- | --- |
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન સુરત જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | (૧) | કુલ– ૧,૧૨૯ |
| (૨) | ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૧૪૧ ફરીયાદોમાં ૩૦૬ શ્રમયોગીઓને રૂ.૫૯,૪૬,૧૩૩/–નું ચુકવણું કરવામાં આવેલ છે.<br>• ૧૦૭ ફરીયાદોમાં નામદાર અદાલતમાં કુલ ૧૨૨ કેસ દાખલ કરવામાં આવેલ છે.<br>• ૧૦૨ ફરીયાદોમાં સમાધાન થયેલ છે.<br>• ૪૬ ફરીયાદોમાં નામદાર મજુર અદાલતમાં રીકવરી અરજી દાખલ કરવા સલાહ આપવામાં આવેલ છે.<br>• ૩૬ ફરીયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૧૪ ફરીયાદોમાં તપાસ નોંધ પાઠવેલ છે.<br>• ૪૨ ફરિયાદ બાબતે કુલ–૪૨ કારખાના વિરુદ્ધ કુલ– ૨૨૦ ફોજદારી કેસો કરવામાં આવેલ છે. તથા તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ બાકી રહેલ ૫૧ ફરિયાદો સમયમર્યાદામાં કાર્યવાહી હેઠળ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

-------------------------